ક્રમાંક: જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૦-૨૧ ૫૪૯૨/૬૧૫
ગુજરાત શૈક્ષણિક સંશોધન તાલીમ પરિષદ,
વિદ્યાભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : 24/02/2021

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય: પ્રથમસત્ર નિદાન કસોટીના ધોરણ ૩ થી ૮ના તમામ વિષયોના સમાન પરીક્ષાના સમયપત્રક અને તે અંગે જરૂરી સૂચનો બાબત.

સંદર્ભ: ૧. જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૦-૨૧/૫૧૯૬-૫૩૧૮ તા. ૨૨/૦૨/૨૦૨૦
૨. તમામ DEO/DPEO/AOની તા.૨૩/૦૨/૨૦૨૦ મળેલ VCમાં રજૂઆત
૩. GCERTની સીંગલ ફાઈલ નંબર ૨૨૮ પર તારીખ ૨૪/૦૨/૨૦૨૧ના રોજ મળેલ શિક્ષણ વિભાગની મંજૂરી

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે વંચાણે લીધેલ આમુખ ૧થી પ્રથમ સત્રાંત નિદાન કસોટી હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ હતું.

સંદર્ભ ૨ અન્વયે DEO/DPEO/AOની મળેલ VCમાં થયેલ ચર્ચા મુજબ ઘણા બધા જિલ્લાઓમાં છાપકામ માટેના રેટ કોન્ટ્રાકટ થયેલ નથી. GEM દ્વારા મુદ્રણ પ્રક્રિયા કરવા માટે સમયમર્યાદા સાચવી શકાય તેમ નથી ઉપરાંત હાલમાં ચૂંટણી આચારસંહિતા અમલી હોઈ ટેન્ડર સંબંધી કામગીરી પણ નિદાન કસોટીની તારીખો સુધીમાં કરવી શક્ય જણાતી નથી.

ઠરાવ ૩ અન્વયે અપાયેલ સૂચનાઓમાં મુદ્રણ સંબંધી સૂચનાઓમાં ફેરફાર કરીને શાળા કક્ષાએથી જ ઝેરોક્ષ/ફોટોકોપી થાય તે ઉચિત જણાય છે. જે અન્વયે શાળાઓએ જ કસોટીપત્રો વિદ્યાર્થીઓ સુધી મોકલવાના રહેશે. તેવી સુચના આપની કક્ષાએથી આપશો.

કોવિડ -૧૯ની સ્થિતિમાં શાળાઓમાં વિદ્યાર્થીઓની પૂર્ણ હાજરી થઇ નથી ત્યારે વિદ્યાર્થીઓ સાથે ઘણે સ્થળે પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરુ થયેલ નથી.

આ સંજોગોમાં અત્યારે હાથ ધરવામાં આવનાર પ્રથમ સત્રાંત નિદાન કસોટીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં જે LEARNING LOSS થયેલ છે તે તપાસવાનો છે. તેમજ નિદાન કસોટીના અંતે શિક્ષકો(વિષય શિક્ષક) થકી વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે જે તે અધ્યયન નિષ્પત્તિ(LEARNING OUTCOMES) મુજબ ઉપચારાત્મક શિક્ષણ કાર્ય થાય તે અપેક્ષિત છે.

વિદ્યાર્થીઓને શક્ય હોય ત્યાં સુધી શાળામાં અન્યથા સામયિક કસોટીની માફક કસોટીપત્રો મોકલાવીને નિદાન કસોટી હાથ ધરવાની સુચના આપવામાં આવે છે. નિદાન કસોટીનો હેતુ સિદ્ધ થાય તે અપેક્ષિત છે.



Scanned with CamScanner

પ્રથમ સત્રાંત નિદાન કસોટીના પ્રશ્નપત્રો સામયિક કસોટીની જેમ જ મોકલવામાં આવશે. સરકારી સહિત ગ્રાન્ટેડ અને અનુદાનિત શાળાઓમાં પણ નિદાન કસોટીના કસોટી પત્રો પણ નિયત સમયમર્યાદામાં સોફ્ટ કોપીમાં મોકલવાના રહેશે.

ડેટા એન્ટ્રી તેમજ કસોટી સંબંધિત અન્ય સૂચનાઓ યથાવત રાખવામાં આવે છે.

સંદર્ભ-૧ ના પત્રથી આપવામાં આવેલ અન્ય સૂચનાઓ યથાવત રાખવામાં આવે છે.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક ૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- કન્વીનરશ્રી, CCC, ગાંધીનગર

નકલ રવાના:

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

જા.નં./પ્રાથમિક/2021/2274 તા: 24/2/21

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન અનુદાનિત/અનુદાનિત પ્રાથમિક શાળાઓ,
સુરત શહેર વિસ્તાર,
સુરત

જાણ તથા અમલ સારુ.



જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.

Scanned with CamScanner